પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૪૬ | ૪ ઓગસ્ટ, ૨૦૧૮, શનિવાર; અષાઢ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# હવે, સોશ્યલ મિડિયા પર સરકારની નજર નહિ

## સુપ્રિમ કોર્ટની લાલ આંખ બાદ કેન્દ્ર સરકારની પીછેહઠ




ન્યુ દિલ્હી,તા.૩
સોશયલ મીડિયા પર નિરીક્ષણ માટે સોશયલ મીડિયા હબ બનાવવાના નિર્ણયમાંથી સરકારે પીછેહઠ કરી છે. સુપ્રીમ કોર્ટની કડકાઈ બાદ સરકારે આ મામલામાં પીછેહઠ કરી છે. ૧૩ જુલાઈએ ગત સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આમ કરવું નિરીક્ષણ રાજ બનાવવા જેવું હશે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે સરકાર નાગરિકોના વ્હોટ્સએપ મેસેજોને ટેપ કરવા ચાહે છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા સોશયલ મીડિયા હબ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટની કડકાઈ બાદ કેન્દ્ર સરકારે શુક્રવારે અદાલતને જણાવ્યું હતું કે તેઓ સોશયલ મીડિયાનું મોનિટરિંગ નહીં કરે.

મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રા, જસ્ટિસ એ. એણ. કાનવિલકર અને જસ્ટિસ ડી. વાઈ. ચંદ્રચૂડની ખંડપીઠની સામે સરકારના નિવેદન બાદ આ મામલાનો નિકાલ કરવામાં આવ્યો છે. મહત્વપૂર્ણ છે કે ટીએમસીના ધારાસભ્ય મહુઆ મોઈત્રાની અરજી પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ જાહેર કરી હતી. તેની સાથે આ મામલામાં અટોર્ની જનરલ કે. કે. વેણુગોપાલનો પણ સહયોગ માંગવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

### આજની જીએસટી કાઉન્સિલની બેઠકમાં રાહતની વકી

ન્યુ દિલ્હી,તા.૩
જીએસટી અમલીકરણ સમિતિના ચેરમેન અને બિહારના ઉપમુખ્યમંત્રી સુશીલકુમાર મોદીએ જણાવ્યું કે, ઘણી બધી વસ્તુઓ પર જીએસટીના દરમાં કાપથી આગામી ૩-૪ મહિનામાં રાજસ્વ સંગ્રહમાં ઘટાડો થઈ શકે છે. સુશીલ મોદીએ જણાવ્યું કે જીએસટી કાઉન્સિલે તેની છેલ્લી બેઠકમાં ૪૫૦ જેટલી વસ્તુઓના દરમાં કટૌતી કરી હતી.

## પ્રભાતના પગરવ...

### શહેરમાં ઐતિહાસિક ચરણસેવા

જયશ્રી કૃષ્ણ..! આજે આપણે શહેરમાં ચાલતી ઐતિહાસિક ચરણસેવાની વાત માંડવી છે. છેલ્લા સત્યાવીસ વરસથી પીડીતો-વંચિતો-શ્રમિકો અને અંતરિયાળ વિસ્તારની શાળાના બાળકોને ધોમધખતા તડકામાં પગરખા પુરા પાડવાની અદ્ભુત સેવા શહેરના મોભી અરૂણભાઈ બુચના નેતૃત્વમાં શહેર વસાહત મહામંડળ અને અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા ચાલે છે. ધોમધખતા તડકામાં પૈસાના અભાવે પગરખા ખરીદવાને શક્તિમાન નથી એવા વંચિતોની સંવેદના હૃદયને પીગળાવી નાખે એવી હોય છે. આવા એકાદ-બે દશ્યોના સાક્ષી બન્યા બાદ મુરબ્બી અરૂણભાઈને ૧૯૯૧માં આ સેવાનો વિચાર પ્રગટ્યો હતો અને બસ ત્યારથી આજ પર્યંત દર ઉનાળામાં ૧૦,૦૦૦થી વધુ જરૂરીયાતમંદોને પગરખા પહોંચાડવાની સેવા અવિરત ચાલે છે.

ચરણસેવાના પ્રારંભિક વર્ષોમાં જાહેર અપીલ દ્વારા સેવાભાવી નાગરીકો પાસેથી પગરખા એકત્ર કરાતા હતા. જૂના નવા પગરખાને કારણે વિતરણમાં અસુવિધા અને નજીવા ગણગણાટને પગલે ચાર વર્ષ બાદ નવાજ પગરખા ખરીદવા અને પગના માપ પ્રમાણે પહોંચાડવા દર વર્ષે પ્રાપ્ત દાનમાંથી સાંઈઠથી સીત્તેર હજાર રૂપિયાના ખર્ચે પગરખાની ખરીદી કરી વંચિતોને વહેંચાય છે. અત્યાર સુધીમાં બે લાખ છોતેર હજાર પગરખાં વંચિતોને વહેંચાયાની ગૌરવપ્રદ સેવા ગાંધીનગરના ઈતિહાસમાં અનોખુ સ્થાન પામી છે.

જ્યારે જ્યારે શહેરમાં સેવાકીય પ્રવૃત્તિ માટે દાનની આવશ્યકતા હોય ત્યારે ત્યારે દાનનો પ્રવાહ પણ અવિરત વહેતો જ હોય છે. ચરણ સેવા માટે અસંખ્ય દાતાઓ બે-બે વર્ષ પહેલા પોતપોતાના દાનની આગોતરી નોંધણી કરાવે છે, કેટલાક દાતાઓ કેટલા જોડી પગરખા આપવા માગે છે એના આધારે ગણતરી કરી દાન આપે છે. અને જેને પાકી પહોંચ સંસ્થા દ્વારા અપાય છે.

વિતરણની કામગીરીમાં પણ બંને સંસ્થાના કાર્યકરો સમયસર પહોંચી વંચિતોને અને જરૂરિયાતમંદોને માપ મુજબ પગરખાનું વિતરણ કરે છે. કેટલીય શાળાઓ અગાઉથી જ પોતાના બાળકોના પગના માપ એક મહિના પૂર્વે સંસ્થાને મોકલે છે.

શહેરની બાંધકામ સાઈટ પરના શ્રમિકો, સફાઈ કામદારો, ઝુપડાવાસીઓ તથા બક્ષીપંચ-આદિવાસીની વસ્તીવાળા અંતરિયાળ વિસ્તારની શાળાઓના બાળકોને ઉનાળામાં ગરમીથી રક્ષણ આપતાં પગરખા પહોંચાડવાની ઉમદા સેવા કરતાં સૌ દાતાઓ અને મુરબ્બી અરૂણભાઈ બુચ અને સાથીઓને નમ્રતાપૂર્વક નમન કરીએ છીએ.

# પ્રમોશનમાં અનામત મામલે બંધારણીય બેંચ સમીક્ષા કરશે

**એસસી-એસટી વર્ગના લોકો પહેલાથી પછાત રહી ગયા છે, તેથી પ્રમોશનમાં અનામત આપવા માટે અલગથી કોઇપણ ડેટાની જરૂરિયાત જણાતી નથી**

નવી દિલ્હી,તા. ૩
સુપ્રીમ કોર્ટમાં પ્રમોશનમાં એસસી એસટી અનામત સાથે જોડાયેલ ૧૨ વર્ષ જુના નાગરાજ જજમેન્ટના કેસમાં મહત્વની સુનાવણી ચાલી રહી છે. જે દરમિયન કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને આજે જણાવ્યું હતું કે, ૨૦૦૬ના નાગરાજ જજમેન્ટને લઈને એસસી-એસટી માટે પ્રમોશનમાં અનામતની વાત અટકી ગઈ છે. કેન્દ્ર સરકાર તરફથી એટર્ની જનરલ કેકે વેણુગોપાલે સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે, પ્રમોશનમાં અનામત આપવું સાચુ છે કે ખોટુ તેની પર તેઓ કોઈ ટિપ્પણી કરવા માંગતા નથી પરંતુ આ વર્ગ ૧૦૦૦ કરતા વધુ વર્ષોથી તેની વેદના સહન કરી રહ્યા છે.

નાગરાજ કેસમાં સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચની સમીક્ષાની ભારે જરૂર છે. એટર્ની જનરલે વધુમાં જણાવ્યું કે, એસસી-એસટી વર્ગના લોકો આજે પણ આ મામલે ભારે વ્યથા સહન કરી રહ્યા છે. ત્યારે સર્વોચ્ચ અદાલતે ૨૦૦૬ના ઉપરોક્ત ચુકાદાને લઈને પુનઃ વિચાર કરવાની તાત્કાલિક જરૂર છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટનું એ મુદ્દે પણ ધ્યાન દોર્યું કે, એસસી-એસટી વર્ગના લોકો પહેલાથી જ પછાત રહી ગયેલા છે અને તેથી પ્રમોશનમાં અનામત આપવા માટે અલગથી કોઈ ડેટાની જરૂરિયાત જણાતી નથી. એટર્ની જનરલે એ

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપ સાથે અન્નાદ્રમુકના જોડાણની શક્યતા

**નરેન્દ્ર મોદી અને અમિત શાહને મોટી રાહત : અન્નાદ્રમુક અને ભાજપ વચ્ચેના સંબંધ ખુબ મજબુત બન્યા**

ચેન્નાઈ,તા. ૩
લોકસભાની ચૂંટણી પહેલા ભાજપ અને અન્નાદ્રમુક વચ્ચેના સંબંધ દિન પ્રતિદિન વધુને વધુ મજબુત બની રહ્યા છે. અન્નાદ્રમુકે ભાજપની સાથે હાથ મિલાવવા માટેના સંકેત પણ આપી દીધા છે. અન્નાદ્રમુકે કહ્યુ છે કે તેમની વચ્ચેના સંબંધ કોઈ પણ તાકાત ખરાબ કરી શકે તેમ નથી. વિપક્ષી દળો બિન ભાજપ મોરચાની રચના કરવામાં લાગેલા છે અને એનડીએના કેટલાક ઘટક પક્ષો ભાજપને આંખ દેખાડી રહ્યા છે ત્યારે અન્નાદ્રમુકનુ આ નિવેદન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ માટે ખુબ મોટી રાહત તરીકે છે. તમિળનાડુમાં કાવેરી જળ વિવાદને લઈને મુખ્ય વિરોધ પક્ષ ડીએમકેના નેતૃત્વમાં રાજ્યભરમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શન વચ્ચે અન્નાદ્રમુકે હાલમાં કહ્યુ હતુ કે વિરોધ પ્રદર્શન કેટલી પણ હદ સુધી થાય પરંતુ ભાજપ અને અન્નાદ્રમુક એક સાથે જ રહેશે. તેમની વચ્ચે મતભેદો ક્યારેય ઉભા થઈ શકે તેમ નથી. અન્નાદ્રમુકના મુખ પત્ર નામાદુ પુરાચી થલેવી અમ્મામાં લખવામાં આવ્યુ છે કે કેન્દ્ર અને રાજ્ય સારકારના મજબુત સંબંધને પણ કોઈ અસર કરી શકે તેમ નથી. અન્નાદ્રમુકના લોકોનુ કહેવુ છે કે કાવેરી મુદા પણ ડીએમકે અને તેના સાથી પક્ષો દ્વારા કરવામાં આવેલી રહેલા વિરોધનો મુખ્ય ઉદ્ધેશ્ય ભાજપ અને તેની વચ્ચે રહેલા સારા સંબંધને ખરાબ કરવાનો છે. બન્ને પાર્ટી સાથી મળીને કામ કરવા માટે ઈચ્છુક દેખાઈ રહી છે. મુખપત્રમાં આગળ લખવામાં આવ્યુ છે કે બન્ને પાર્ટીના હાઈ કમાન્ડ દ્વારા સાથે મળીને રોડમેપ તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. તે સમયની પણ માંગ છે.

## ન્યુઝ ટ્રેક

### યોગી આદિત્યનાથ પર આતંકી હુમલાનો ભય

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર આતંકી હુમલો થઈ શકે છે. આ બાબતે મધ્યપ્રદેશ પોલીસે ઉત્તરપ્રદેશ તથા દિલ્હી પોલીસને સતર્ક કર્યા છે.

### સતત ત્રીજા દિવસે જમ્મુ કાશ્મીરમાં બેંક લૂંટ

જમ્મુ-કાશ્મીરમાં સતત ત્રીજી વખત આતંકવાદીઓએ બેંકને લુંટી છે. શોપીયા જિલ્લાની જમ્મુ કાશ્મીર બેંકમાંથી આતંકવાદીઓએ ૭૫ હજારની રોકડ અને સુરક્ષાકર્મી પાસેથી ૧૨ બોરની રાઈફલ લુંટી હતી.

### સાઈના નેહવાલ વિશ્વ ચેમ્પિયનશીપની બહાર

વિશ્વ ચેમ્પિયનશીપમાં સારુ પર્ફોમન્સ આપી રહેલી સાઈના નેહવાલ કવાર્ટર ફાઈનલમાં પૂર્વ ચેમ્પિયન કેરોલીના મરીનથી હારી ગઈ હતી અને સ્પર્ધાથી બહાર ફેંકાઈ ગઈ છે.

### આંધ્રપ્રદેશમાં યુવાનોને બેરોજગારી ભથ્થુ

'મુખ્યમંત્રી યુવા નેસ્તમ' યોજના હેઠળ આંધ્રપ્રદેશમાં ૨૨ થી ૩૫ વર્ષની વયના બેરોજગાર યુવાનોને ૧ હજાર રૂપિયા બેરોજગારી ભથ્થુ આપવામાં આવશે.

### સોશિયલ મીડિયાના ૭૦૦ પ્લેટફોર્મ બંધ

સરકારે સોશિયલ મીડિયા દ્વારા ફેલાતા ફેક ન્યુઝને રોકવા માટે કડક કાર્યવાહી કરવાનો દાવો કર્યો છે. આ માટે ફેસબુક અને ટવીટર જેવા મુખ્ય સોશીયલ મીડિયાના પ્લેટફોર્મથી જોડાયેલા ૭૦૦ વેબપોર્ટલને બંધ કરવામાં આવ્યા છે.

# કાશ્મીરી પંડિતોની 'ઘર વાપસી' ક્યારે? : શિવસેના

**એનડીએના સહયોગી પક્ષે ડ્રાફ્ટ એનઆરસી મુદ્દે મોદી સરકારનું સમર્થન કર્યું**

મુંબઈ,તા.૩
શિવસેનાએ ડ્રાફ્ટ નેશનલ રજીસ્ટર ઓફ સિટિઝન (એનઆરસી) મુદ્દે કેન્દ્રની મોદી સરકારને ટેકો આપ્યો છે, જો કે સામે શિવસેનાએ સવાલ કર્યો છે કે શું કેન્દ્ર સરકારમાં વિસ્થાપિત થયેલા કાશ્મીરી પંડિતોની ઘર વાપસી કરાવવાની હિંમત છે?

ભાજપના સહયોગી પક્ષે વધુમાં જણાવ્યું હતું કે દેશની સુરક્ષા માટે ખતરારૂપ હોય તેવા ઘૂષણખોર તત્વોને કાશ્મીરમાંથી ઉખાડી ફેંકવા જોઈએ. જમ્મુ અને કાશ્મીરને વિશેષ રાજ્યનો દરજ્જો આપતી કલમ ૩૭૦ને હટાવવી તે એનઆરસી ડ્રાફ્ટ જાહેર કર્યો તેટલુંજ રાષ્ટ્રવાદી કાર્ય છે.

શિવસેનાએ તેના મુખપત્ર સામાનમાં જણાવ્યું છે કે, 'ભાજપ આસામમાં ૪૦ લાખ ઘૂસણખોરોને તગેડવા સખત મહેનત કરી રહ્યું છે. આવા

● અનુસંધાન પાન-૭ પર

તા.૦૬/૦૮ થી શરૂ થતી
સાંજે ૬.૩૦ થી ૮ ની બેચમાં જોડાઈ
કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો...
નાણાવટી
The Leader since 1996
સેક્ટર : ૭-બી, અરિહંત અને ઘ-૨ સર્કલ વચ્ચે, ઘ-રોડ
મો.૯૬૨૪૦ ૧૦૫૫૫, ઓફીસ સમય:સવારે ૮ થી ૧, સાંજે ૪ થી ૮
For more details, Visit : nanavatisworld.com

ઓગસ્ટ થી દિવાળી કપલ/ફેમીલી/LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા — મુન્નાર-થેકડી
દાર્જીલીંગ — ગંગટોક-પેલીંગ
સિમલા — મનાલી-ડેલ-અમૃત
કુર્ગ-કબિની — વાયનાડ-હસન
ભુતાન — પારો-થિમ્પુ-પુનાખા
નૈનિતાલ — કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા,સ્ટેડીયમ સર્કલ સી.જી.રોડ,અમદાવાદ
26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

મેડીક્લેમ
આજની પહેલી જરૂરીયાત
76 વર્ષની ઉંમર સુધી
મેડીક્લેમ ટેસ્ટ વગર મેડીક્લેમ.
આપની જરૂરીયાત મુજબ દરેક કંપનીમાં
મેડીક્લેમની પોલીસી ઉતારી આપીશું.
બાયપાસ માટે ખાસ
TUSHAR SHAH
તમારી જુની પોલીસીમાં સારી સર્વીસ આપીશુ.
99246 62499

Vishal
SUPER MARKET
અપના બજાર બિલ્ડીંગ, સેક્ટર-૬/એ, ગાંધીનગર
Mo. 98242 77883, Phone : 23247883
૫-૮ શિવાલય રેસીડેન્સી, કુડાસણ ગાંધીનગર
Mo. 9376277883

| આઈટમનું નામ | ફાયદો |
|---|---|
| અમૂલ-સાગર-મધુર - પતંજલી - ગોવર્ધન ઘી ૧ લીટર, ૨ લીટર, ૫ લીટર | રૂ. ૩૦ લીટરે |
| પીલ્સબરી-ઉત્તમ-ગોલ્ડન હાર્વેસ્ટ, પતંજલી આટા - પાંચ કિલો | રૂ. ૨૫ |
| મધુર ખાંડ ૫ કિલો (૨૯૫-૨૨૦) | રૂ. ૭૫ |
| સર્ફ એક્સલ મેટીક ૨ કિલો - ફ્રન્ટ લોડ | રૂ. ૧૪૦ |
| સર્ફ એક્સલ મેટીક ૨ કિલો - ટોપ લોડ | રૂ. ૧૦૦ |
| રામદેવ-કિચન એક્સપ્રેસ - મરચુ - હળદર ૧ કિલો, અમૂલ પ્રો. ૫૦૦ ગ્રામ, ટાટા અગ્ની ચા-૧ કિલો, લિજ્જત પાપડ-૧ કિલો, લોટે ચોકોપાઈ ૧૨ પેક | રૂ. ૨૫ |
| ● કિસાન કેચઅપ ૯૫૦ ગ્રામ પાઉચ (૧૨૫-૧૦૦) ● લોટેચોકોપાઈ-૧૨ પેક | રૂ. ૨૫ |
| બધા જ શેમ્પુ - ૬૦૦ Ml + | રૂ. ૧૫૦ |
| બધા જ ગીટ્સ - ઉત્તમ, તલોદ ઈન્સટન્ટ, એવરેસ્ટ, રામદેવ, બાદશાહ, સુહાના, રસોઈ મેજીક,પતંજલી દંતકાંતિ-૧૦૦-૨૦૦ગ્રામ પાંચ તારા - રાજગરો, મોરૈયા, સાબુદાણા, જીપ ફ્રેશ બેગ, વોલ્કર ફીનાઈલ વ્હાઈટ-૯૦૦ મીલી. ક્લોઝઅપ - ૧૫૦ ગ્રામ | ૧૦ % |
| વાઘબકરી - નવચેતન - મીલી - રેડલેબલ જીવરાજ ૯ નં. તાજા - સી-સોમાભાઈ ચા - ૧ કિલો | રૂ. ૧૫ |
| સ્ટે ફ્રી - ૨૮ પેડ ડ્રાય મેક્સ (૩૩૦ - ૨૧૦) | રૂ. ૧૨૦ |
| પારલે-જી બિસ્કીટ ૮૦૦ ગ્રામ (૬૦-૫૧) | રૂ. ૯ |
| ટાઈડ- ટોપલોડ-ફ્રન્ટલોડ-મેટીક પાવડર-૨ કિલો/ ૪+૨ કિલો સફોલા ગોલ્ડ ૫ લિટર + ૧ લિટર ફ્રી (૭૯૯-૭૪૯) | રૂ. ૫૦ |
| પેન્ટીન નરીસીંગ સ્ટ્રેટનીંગ શેમ્પ - ૩૬૦ મીલી. | રૂ. ૩૨ |
| બધા જ કમ્ફર્ટ વોશ-૮૬૦ મીલી, કોલગેટ-૨૦૦+૧૦૦ ગ્રામ ડવ સાબુ - ૧૦૦ ગ્રામ x ૩, પીયર્સ-૧૨૫ x ૩, સર્ફ એક્લેસ -૧.૦૨ લીટર, ગોદરેજ ઈઝી-૧ કિલો હાર્પીક - ૧ કિલો ● બધા જ હેર ઓઈલ ૫૦૦ મીલી+ | રૂ. ૧૦ |
| બોર્નવીટા-૧ કિલો ● વીમડ્રોપ ૧.૮ લીટર | રૂ. ૫૦ |

બાય ૧ ગેટ ૧ ફ્રી
નિલોન્સ અથાણા ૫૦૦ ગ્રામ ● નિલોન્સ ગુલાબજાંબુ-૨૦૦ ગ્રામ ● અન્નપૂર્ણા હિંગ-૧૧૧ ● ડ્યુક્સ વેફી રોલ-૨૫૦ ગ્રામ ● મેન્ગોશીપ-૧.૨ લીટર ● ફ્રેશવેપ એલ્યુમિનિયમ ફોઈલ-૬૦ ગ્રામ (MRP-70) ● ચીન્ટુસ હક્કા નુડલ્સ-૨૦૦ ગ્રામ ● વાઈ વાઈ હક્કા નુડલ્સ-૧૮૦ ગ્રામ ● હીપોલીન કેક-૧૫૦ ગ્રામ x ૬ ● પીકવીક વેફર બિસ્કીટ-૭૫ ગ્રામ ● ગાલા સ્ક્રબર MRP-30 ● ક્વિક ક્લિન સ્ક્રબર - MRP-15 ● ગોદરેજ જેન્ટલ લિક્વિડ - ૧ કિલો ● ડીસાનો ઓલીવ ઓઈલ ● રીઝન્ટ પાસ્તા-૨૦૦ ગ્રામ

● અંગુર તુવેરદાળ તેલવાળી ૫ કિલો - ૩૯૮/-
● ફોરચ્યુન સન ફ્લાવર ૧૫ લિટર ટીન - ૧૩૬૫/-
● ગોળ કોલ્હાપુરી સીલ્વર બ્રાન્ડ લુઝ ૧ કિલો - ૬૪/-
● આશીર્વાદ આટા-૫ કિલો - ૧૬૦/-
● અંકુર સીંગતેલ - ૧૫ લીટર - ૧૫૨૦/-
● અંકુર કપાસીયા - ૧૫ લીટર - ૧૩૬૫/-

નોંધ : તમામ ઓફર સ્ટોક હશે ત્યાં સુધી જ ઉપલબ્ધ / સ્કીમ ફેરફાર કંપનીને આધીન

બાળકોને પ્રોત્સાહિત કરીએ...
તમારી આસપાસની દરેક જગ્યાને ગ્રીન મીત્રો (પ્લાન્ટ્સ)થી સજાવીને શુદ્ધ હવા, આંખને ઠંડક, મનમાં પોઝીટીવીટી અને સ્ટ્રેસ વગરનું નેચરલ વાતાવરણ ઉભુ કરીએ...
દરેક શુભપ્રસંગે મીની પ્લાન્ટ ગીફ્ટ આપીએ...
Lush PLANTS
પ્લોટ નં. ૧૨૪૨/૧, સેક્ટર-૭/ડી, ગાંધીનગર. મો. 98248 33440
Email : bindidave75@gmail.com
બોનસાઈ, મીનીએચર ગાર્ડન (ટ્રે ગાર્ડન), ડેકોરેટીવ પ્લાન્ટ્સ, સીરામીક પોટ, ડેકોરેટીવ સ્ટોન, ખાતર અને દવા. બાલ્કની, કોર્ટીયાર્ડ અને લેન્ડસ્કેપીંગ માટે સંપર્ક કરો.

